યુનિટ 1

# ગ્રામીણ સમાજશાસ્ત્ર : અર્થ, વિષયવસ્તુ અને મહત્ત્વ (Rural Sociology : Meaning, Subject-matter and Significance)


- પરિચય
1. ગ્રામીણ સમાજશાસ્ત્ર : અર્થ અને વ્યાખ્યા
2. ગ્રામીણ સમાજશાસ્ત્રનું વિષયવસ્તુ
3. ગ્રામીણ સમાજશાસ્ત્રનું મહત્ત્વ
4. ગ્રામીણ અને નગર સમુદાયની તુલના


## • પરિચય

ગ્રામીણ અને નગર સમુદાયો સામાજિક સંગઠનના પ્રસ્થાપિત રચનાતંત્રો છે. સમાજશાસ્ત્ર સમાજનો અભ્યાસ કરે છે. સમાજશાસ્ત્રના વિકાસની પ્રક્રિયાના એક તબક્કે તેમાં વિભેદીકરણ અને વિશેષીકરણની પ્રક્રિયા શરૂ થઈ. આ પ્રક્રિયા અવિરતપણે ચાલુ રહેવા પામી છે. આ પ્રક્રિયાના ભાગરૂપે જ ગ્રામીણ સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ વિકાસ થયો. ગ્રામીણ સમાજના સમાજશાસ્ત્રીય દૃષ્ટિએ થતા અભ્યાસને ગ્રામીણ સમાજશાસ્ત્ર તરીકે ઓળખવામાં આવ્યું છે. ગ્રામીણ સમાજ માનવસમાજનું જ એક અંગ છે. એ દૃષ્ટિએ ગ્રામીણ સમાજનો અભ્યાસ સમાજશાસ્ત્રના વિષયક્ષેત્રમાં સમાવિષ્ટ થાય છે, પરંતુ સમાજશાસ્ત્રમાં વિશેષીકરણની પ્રક્રિયા તરીકે ગ્રામીણ સમાજનો અભ્યાસ કરતું ગ્રામીણ સમાજશાસ્ત્ર, સમાજશાસ્ત્રની એક વિશિષ્ટ શાખા તરીકે વિકાસ પામ્યું છે. આ દૃષ્ટિએ જોતાં ગ્રામીણ સમાજના અભ્યાસમાં સમાજશાસ્ત્રના સામાન્ય સિદ્ધાંતો લાગુ પાડવામાં આવે છે.

ગ્રામીણ સમાજશાસ્ત્રના વિકાસની પ્રક્રિયામાં તેનું કાર્યક્ષેત્ર ઉત્તરોત્તર વિસ્તરતું ગયું છે. અને તેમાં પણ વિશેષીકરણની પ્રક્રિયા વિકાસ પામી છે. માનવસમાજનો અભ્યાસ કરતા સમાજશાસ્ત્રનું જેમ મહત્ત્વ છે તેમ ગ્રામીણ સમાજનો અભ્યાસ કરતા ગ્રામીણ સમાજશાસ્ત્રનું પણ મહત્ત્વ છે. ભારતીય સમાજની મોટા ભાગની વસ્તી ગ્રામીણ છે. આથી સ્વાભાવિક રીતે જ સમાજના નવનિર્માણ માટેના કોઈ પણ

Scanned with OKEN Scanner

કાર્યક્રમમાં ગ્રામીણ સમાજશાસ્ત્ર ઉપયોગી બની શકે છે. તેમાંયે વર્તમાન સમયમાં જ્યારે ગ્રામીણ વિકાસ ઉપર સવિશેષ ભાર મૂકવામાં આવે છે ત્યારે ગ્રામીણ સમાજશાસ્ત્રની અગત્ય વધી જાય છે.

## 1. ગ્રામીણ સમાજશાસ્ત્રનો અર્થ અને વ્યાખ્યા

ગ્રામીણ સમાજશાસ્ત્ર ગ્રામીણ જીવનનો અભ્યાસ કરતું વિજ્ઞાન છે. જે વિસ્તારમાં વસવાટ કરતી વસ્તીનું કદ અને ઘનતા ઓછી હોય અને મોટાભાગની વસતિ કૃષિ વ્યવસાય સાથે સંકળાયેલી હોય તેવા વિસ્તારને ગ્રામીણ વિસ્તાર કહેવાય. ગ્રામીણ સમાજશાસ્ત્ર આવા ગ્રામીણ વિસ્તારોમાં વસવાટ કરતા લોકોના જીવનનો અભ્યાસ કરે છે. વસ્તીનું નાનું કદ, ઓછી ઘનતા અને કૃષિવ્યવસાય ગ્રામીણ સમાજની મહત્ત્વની લાક્ષણિકતા છે. આ લાક્ષણિકતા કેટલાંક સામાજિક પરિણામો નિપજાવે છે. જેમ કે, સાદું શ્રમવિભાજન, સામાજિક જીવનમાં એકવિધતા, ઓછી ગતિશીલતા, પ્રાથમિક સંબંધો વગેરે વસ્તીનું નાનું કદ, કૃષિવ્યવસાય અને ઓછી ઘનતાનાં પરિણામો છે.

**પ્રો. ચીતાંબર** નોંધે છે તેમ ગ્રામીણ સમાજશાસ્ત્ર ગ્રામીણ ક્ષેત્રોમાં વસવાટ કરતા માનવીના અભ્યાસ સાથે સંકળાયેલું છે. માનવવસવાટનો ગ્રામીણ વિસ્તાર અને તેનાં પરિણામો ગ્રામીણ સમાજશાસ્ત્રનું કાર્યક્ષેત્ર છે.

**સોરોકિન અને ઝિમરમેનના** મતે ગ્રામીણ સમાજશાસ્ત્રનું પાયાનું કાર્ય ગ્રામીણ સમાજનાં શહેરી સમાજથી ભિન્ન એવાં સાપેક્ષ રીતે અખંડ અને સાર્વત્રિક લક્ષણો વર્ણવવાનું છે.

**બર્ટ્રાન્ડ** ગ્રામીણ સમાજશાસ્ત્રની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે : ગ્રામીણ વાતાવરણમાં માનવ સંબંધોનો અભ્યાસ કરતું શાસ્ત્ર એટલે ગ્રામીણ સમાજશાસ્ત્ર. બીજા શબ્દોમાં કહીએ તો, ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતા લોકોના જીવનનો અભ્યાસ કરતું શાસ્ત્ર તે ગ્રામીણ સમાજશાસ્ત્ર.

હેતુને લક્ષમાં રાખીને **ડૉ. અક્ષયકુમાર દેસાઈ** ગ્રામીણ સમાજશાસ્ત્રની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે : ગ્રામીણ સમાજશાસ્ત્રનો મુખ્ય હેતુ ગ્રામીણ સમાજના સામાજિક સંગઠન, તેની રચના, કાર્ય તેમજ તેના વિકાસની પ્રક્રિયા તપાસવાનો છે.

## 2. ગ્રામીણ સમાજશાસ્ત્રનું વિષયવસ્તુ-(અભ્યાસક્ષેત્ર-વિષયક્ષેત્ર) (Subject-matter of Rural Sociology)

ડૉ. દેસાઈએ "ભારતમાં ગ્રામીણ સમાજશાસ્ત્રનો પરિચય" નામનું અંગ્રેજી

Scanned with OKEN Scanner

પુસ્તક 1949માં પ્રસ્તુત કર્યું હતું. તેમાં તેમણે ગ્રામીણ સમાજશાસ્ત્રના કાર્યક્ષેત્રનું વિવરણ કર્યું છે. ત્યારબાદ તેમણે ગ્રામીણ સમાજશાસ્ત્રના ક્ષેત્રમાં ભારતમાં થયેલા વિવિધ અભ્યાસો આવરી લઈને ભારતના સંદર્ભમાં ગ્રામીણ સમાજશાસ્ત્ર ઉપરનો દળદાર સંપાદિત ગ્રંથ "Rural Sociology in India" પ્રસિદ્ધ કર્યોછે. આ ગ્રંથમાં તેમણે ભારતમાં ગ્રામીણ સમાજશાસ્ત્રના કાર્યક્ષેત્રમાં વાસ્તવમાં કયા કયા અભ્યાસપ્રશ્નોનો સમાવેશ થાય છે તેનું નિરૂપણ કરવા પ્રયાસ કર્યો છે. એ જ રીતે પ્રો. ચિતાંબરે ગ્રામીણ સમાજશાસ્ત્રનો પરિચયાત્મક ગ્રંથ (Introductory Rural Sociology) 1973માં પ્રસિદ્ધ કર્યો છે. આ ગ્રંથમાં પણ ગ્રામીણ સમાજશાસ્ત્રના કાર્યક્ષેત્રનું પરિચયાત્મક આલેખન કર્યું છે. આ બંને ગ્રંથોના આધારે ભારતના ગ્રામીણ સમાજશાસ્ત્રનું કાર્યક્ષેત્ર નીચે મુજબ વર્ણવી શકાય :

**(1) ગ્રામીણ સમુદાય :** ગ્રામીણ સમાજશાસ્ત્ર ગ્રામીણ સમુદાયનો અભ્યાસ કરે છે. ગ્રામીણ સમાજની સર્વસામાન્ય લાક્ષણિકતાઓ શોધવા માટે તે અભ્યાસના એકમ તરીકે ગ્રામીણ સમુદાયનો અભ્યાસ કરે છે. ગ્રામીણ સમુદાયનો ઉદ્ભવ કઈ રીતે થયો, વિભિન્ન ઐતિહાસિક યુગોમાં ગ્રામીણ સમુદાયમાં કેવા પલટા આવતા રહ્યા છે. ગ્રામીણ સમુદાયનું સ્વરૂપ કેવું છે અને તેની સામાન્ય લાક્ષણિકતાઓ કઈ છે, વગેરેની તપાસ કરવી તે ગ્રામીણ સમાજશાસ્ત્રનું એક મહત્ત્વનું કાર્ય છે. આ કાર્ય માટે તેમાં વિભિન્ન સમાજના ગ્રામીણ સમુદાયોનો તેમજ એક જ સમાજના વિભિન્ન યુગોના ગ્રામસમુદાયોનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવે છે. એટલું જ નહીં પરંતુ પ્રાદેશિક વિભિન્નતા લક્ષમાં રાખીને તુલનાત્મક અભ્યાસો હાથ ધરવામાં આવે છે. આવા અભ્યાસો દ્વારા ગ્રામીણ સમાજશાસ્ત્ર ગ્રામીણ સમુદાયની સર્વસામાન્ય લાક્ષણિકતાઓ અને સ્વરૂપની સમજૂતી આપવા પ્રયાસ કરે છે.

**(2) ગ્રામીણ અને નાગરિક જીવનની વિભિન્નતા :** ગ્રામીણ સમાજની સર્વસામાન્ય લાક્ષણિકતા શોધવા માટે જેમ ગ્રામીણ સમાજશાસ્ત્ર દેશ અને કાળના સંદર્ભમાં તુલનાત્મક અભ્યાસો કરે છે તેમ શહેરી જીવનના સંદર્ભમાં પણ તુલનાત્મક અભ્યાસો કરે છે. ડૉ. એ. આર. દેસાઈ નોંધે છે તેમ "ગ્રામસમાજનાં વિશિષ્ટ લક્ષણોની પૂરી સમજ માટે તેના બંધારણની ખાસિયતોનું વાસ્તવિક નિરૂપણ મહત્ત્વનું બને છે. એવું અધ્યયન ગ્રામ સમાજશાસ્ત્રી માટે સર્વપ્રથમ અને અનિવાર્ય કર્તવ્ય સમાન થઈ પડે છે અને તેને માટે ગ્રામીણ અને નાગરિક પાર્શ્વભૂમિનાં વિશિષ્ટ લક્ષણો વચ્ચેના તફાવતોનો અભ્યાસ આવશ્યક બને છે. ગ્રામીણ અને નાગરિક જીવનની ભિન્નતા તપાસવા માટે ગ્રામીણ સમાજશાસ્ત્ર કેટલાક અર્થસભર માપદંડોનું નિર્માણ કરે છે. ગ્રામીણ સમાજશાસ્ત્રીઓએ ગ્રામીણ અને શહેરી સમાજોની તુલના

Scanned with OKEN Scanner

કરવા માટેના કેટલાક માપદંડો વિકસાવ્યા છે. જેમ કે, ગ્રામ અને શહેરી સમુદાયોમાં ધંધારોજગાર, પર્યાવરણ, સમુદાયના કદ, વસ્તીની ગીચતા, સામાજિક ગતિશીલતા, સ્થળાંતર, સ્તરીકરણ, વિભેદન, આંતરક્રિયાનું સ્વરૂપ અને પદ્ધતિ વગેરે સમાજજીવનની લાક્ષણિકતાની બાબતમાં શું તફાવતો રહેલા છે તે ગ્રામીણ સમાજશાસ્ત્ર તપાસે છે. જો કે, આવા અભ્યાસો નગર સમાજશાસ્ત્રના કાર્યક્ષેત્રમાં તેમજ સામાન્ય સમાજશાસ્ત્રના કાર્યક્ષેત્રમાં પણ સમાવિષ્ટ થાય છે. ગ્રામીણ સમાજશાસ્ત્ર તેના આ પ્રકારના અભ્યાસોમાં નગર સમાજશાસ્ત્ર અને સામાન્ય સમાજશાસ્ત્રને આધાર તરીકે ઉપયોગમાં લે છે. સંક્ષેપમાં ગ્રામીણ અને શહેરી જીવનના તફાવતોનો અભ્યાસ ગ્રામીણ સમાજશાસ્ત્રના કાર્યક્ષેત્રનું મહત્ત્વનું પાસું છે.

(3) ગ્રામીણ રચનાતંત્ર : ગ્રામીણ સમાજશાસ્ત્ર ગ્રામીણ સમાજની ભૌતિક અને સામાજિક રચના તપાસે છે. ગ્રામીણ સમાજની ભૌતિક રચનાનો અભ્યાસ પરિસ્થિતિશાસ્ત્રીય દૃષ્ટિએ કરવામાં આવે છે. આ પ્રકારના અભ્યાસમાં ગામડામાં રહેઠાણની ઢબ કેવી છે અને એ ઢબની અસર ગ્રામજનોના પારસ્પરિક સંબંધો ઉપર શી થાય છે તે તપાસવામાં આવે છે. વિભિન્ન પ્રદેશોનાં ગામડાની વસવાટ ઢબના તુલનાત્મક અભ્યાસો ગ્રામીણ સમાજરચના સમજવામાં ઉપયોગી બને છે. આ ઉપરાંત, ગ્રામીણ સમુદાયની વસવાટ ઢબ ઉપર કુદરતી પરિસ્થિતિ જેવી કે જમીન, પર્વતો, નદી, તળાવ, હવામાન, પાક વગેરેની શી અસર થાય છે તે પણ તપાસવામાં આવે છે.

ગ્રામીણ સમાજની સામાજિક રચનાના અભ્યાસમાં ગ્રામીણ સમાજશાસ્ત્ર ગ્રામીણ સમુદાયોમાં વિકસેલાં વિભિન્ન જૂથો અને સંગઠનો તથા પેટાજૂથો અને તેનાં સંગઠનોનું સ્વરૂપ, વ્યક્તિ અને જૂથ વચ્ચેના તેમજ જૂથો અને પેટાજૂથો વચ્ચેના સંબંધોના સ્વરૂપનો અભ્યાસ કરે છે. બીજી રીતે કહીએ તો ગ્રામીણ સમાજનાં વિભિન્ન જૂથો અને પેટાજૂથો એકબીજા સાથે કઈ રીતે સંકળાયેલાં છે અને તે બધાં વચ્ચેના સંબંધથી ગ્રામસમુદાય એક સમગ્રનું રૂપ કઈ રીતે ધારણ કરે છે તે તપાસે છે. સાથોસાથ ગ્રામીણ સમુદાય અને ગ્રામીણ સમાજ જે વિશાળ સમાજનો ભાગ છે તેની સાથેનો સંબંધ, એટલે કે સમગ્ર અને ભાગ વચ્ચેનો સંબંધ તપાસે છે.

આમ, ગ્રામીણ સમાજશાસ્ત્ર ગ્રામીણ સમાજની ભૌતિક અને સામાજિક રચનાનો અભ્યાસ કરે છે અને આ બંને પ્રકારની રચનાઓ વચ્ચે કેવા સ્વરૂપનો સંબંધ રહેલો છે તેનો અભ્યાસ કરવો તે ગ્રામીણ સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્રનું મહત્ત્વનું પાસું છે.

**(4) ગ્રામીણ સામાજિક સંસ્થાઓ :** ગ્રામીણ સામાજિક સંસ્થા ગ્રામીણ સમાજરચનાનું ગત્યાત્મક અને કાર્યાત્મક પાસું છે. આથી ગ્રામીણ સમાજશાસ્ત્ર માટે ગ્રામીણ સામાજિક સંસ્થાઓનો અભ્યાસ આવશ્યક બને છે. ગ્રામીણ સમાજની કુટુંબ, લગ્ન, ધર્મ, શિક્ષણ, જ્ઞાતિ તેમજ આર્થિક અને રાજકીય સંસ્થાઓનો અભ્યાસ ગ્રામીણ સમાજશાસ્ત્રના કાર્યક્ષેત્રનો ભાગ છે. ગ્રામીણ સમાજશાસ્ત્ર આ બધી સંસ્થાઓની રચના અને કાર્ય તેમજ તેમની વચ્ચેના પારસ્પરિક સંબંધો તપાસે છે. ગ્રામીણ સમાજની કોઈ પણ સંસ્થા અન્ય સંસ્થાઓ ઉપર શી અસર ઉપજાવે છે અને એક સંસ્થામાં થતો ફેરફાર અન્ય સંસ્થાઓ માટે કેવાં પરિણામો નિપજાવેછે તે ગ્રામીણ સમાજશાસ્ત્ર તપાસે છે. આવા સંસ્થાકીય અભ્યાસો ગામડાની રચના તથા પરિવર્તનના અભ્યાસ માટે ખૂબ જ ઉપયોગી બને છે. એટલું જ નહીં, પરંતુ ભારતીય સમાજની સામાજિક સંસ્થાઓનું પરંપરાગત સ્વરૂપ સમજવામાં તેમજ શહેરી સંસ્થાઓથી તે કઈ રીતે જુદી પડે છે તે સમજવામાં ઉપયોગી બને છે. આવા અભ્યાસો સામાન્ય સમાજશાસ્ત્રનો પાયો રચવામાં ફાળો આપી શકે છે.

**(5) ગ્રામીણ સામાજિક સ્તરીકરણ :** ગ્રામીણ સમાજમાં કૃષિ અર્થવ્યવસ્થા અને જમીનની વહેંચણી આર્થિક સ્તરીકરણનો પાયો રચે છે અને જ્ઞાતિવ્યવસ્થા સામાજિક વિભેદન અને સામાજિક અંતરનો પાયો રચે છે. એ જ રીતે જ્ઞાતિ અને કૃષિવ્યવસ્થા સત્તાની ઢબમાં નિર્ણાયક ભાગ ભજવે છે: ગ્રામીણ સમાજશાસ્ત્ર આ ઢબે ગામડામાં વિકસેલા સામાજિક સ્તરીકરણનો અભ્યાસ કરે છે. ગામડામાં સામાજિક અસમાનતાનું સ્વરૂપ કેવું છે અને તેમાં જમીનની વહેંચણી, જ્ઞાતિ, સત્તાની ઢબ વગેરે શી ભૂમિકા ભજવે છે તે તપાસે છે. ગામડામાં વર્ગરચના કેવા સ્વરૂપે વિકસી છે અને જ્ઞાતિદરજ્જામાં શું ફેરફારો આવી રહ્યા છે, ગામડામાં શાહુકારની ભૂમિકા શી છે, કિસાન અને શાહુકાર વચ્ચેના તેમજ કિસાન, ખેતમજૂર, જમીનદાર વચ્ચેના સંબંધો કેવા છે, ગામડામાં વર્ચસ્વ અને સત્તાનું સ્વરૂપ કેવું છે તથા પછાતવર્ગોના દરજ્જામાં શું ફેરફાર થવા પામ્યા છે વગેરેની તપાસ કરવી તે ભારતમાં ગ્રામીણ સમાજશાસ્ત્રનું મહત્ત્વનું કાર્ય છે. સાથોસાથ ગામડામાં અસ્પૃશ્યતાની ઢબ અને પ્રભાવી જ્ઞાતિ તથા સત્તાની ઢબ કેવી છે અને તેમાં શું ફેરફારો થઈ રહ્યા છે તે પણ ભારતમાં ગ્રામીણ સમાજશાસ્ત્રીય અભ્યાસોમાં સમાવિષ્ટ થવા પામે છે.

**(6) સમુદાય વિકાસ યોજના :** સ્વાધીન ભારતમાં ગ્રામીણ ક્ષેત્રે વિકસેલાં નવાં પરિબળોમાં સમુદાય વિકાસ યોજના મહત્ત્વનું પરિબળ છે, જેણે ગ્રામીણ સમાજ ઉપર સર્વાંગી અસર ઉપજાવી છે. ગ્રામીણ સમાજશાસ્ત્ર સમુદાય વિકાસ કાર્યક્રમોનું

સમાજશાસ્ત્રીય વિશ્લેષણ કરે છે. તેના હેતુ તપાસી સમુદાય વિકાસ કાર્યક્રમોની ગ્રામીણ સમાજ ઉપર શી અસર થવા પામી છે તેને લગતા સમીક્ષાત્મક અભ્યાસો કરે છે. આવા અભ્યાસો ગ્રામીણ સમાજમાં આયોજિત પરિવર્તનનું સ્વરૂપ અને તેની ભૂમિકા સમજવામાં ઉપયોગી થાય છે.

**(7) પંચાયતી રાજ :** સ્વતંત્ર ભારતમાં ગ્રામીણ સમાજના સર્વાંગી વિકાસ માટે તથા સામાજિક વિકાસમાં ગ્રામજનોની સહભાગીદારી શક્ય બનાવવા પંચાયતી રાજ અમલમાં મૂકવામાં આવ્યું. ગ્રામીણ સમાજશાસ્ત્ર પંચાયતી રાજના માળખાનું સમાજશાસ્ત્રીય વિશ્લેષણ કરી તેની કામગીરી અને અસર તપાસે છે. પંચાયતી રાજે ગ્રામીણ સમાજમાં સામાજિક પરિવર્તન નિપજાવવામાં શી અસર ઉપજાવી છે તે તથા ગ્રામીણ સંગઠન અને આંતરજ્ઞાતીય સંબંધો ઉપર તેની શી અસર થવા પામી છે તેનો અભ્યાસ ગ્રામીણ સમાજશાસ્ત્ર કરે છે. સાથોસાથ તે ગામડામાં મતદાનવર્તન અને મતદાનની ઢબને લગતા અભ્યાસો પણ કરે છે.

**(8) સહકાર અને ગ્રામોદ્યોગ :** ગામડામાં આયોજિત સ્વરૂપે સહકારી સંસ્થાઓ દાખલ કરવામાં આવી છે. ગ્રામીણ વિકાસ માટે વિકસાવવામાં આવેલી સહકારી મંડળીઓની રચના અને કામગીરી તથા ગ્રામીણ સમાજ ઉપર તેની અસર એ ગ્રામીણ સમાજશાસ્ત્રનું મહત્ત્વનું વિષયક્ષેત્ર બન્યું છે. એ જ રીતે ગામડામાં કુટિર ઉદ્યોગો અને ગ્રામોદ્યોગ વિકસાવવામાં આવ્યાં છે. આ દ્વારા ગામડાના ઉદ્યોગીકરણે ગ્રામજીવન ઉપર ઉપજાવેલી અસરોનો અભ્યાસ ગ્રામીણ સમાજશાસ્ત્ર કરે છે. સહકાર અને ઉદ્યોગના વિકાસમાં ઉદ્ભવતી વહીવટી સમસ્યાઓ પણ ગ્રામીણ સમાજશાસ્ત્ર તપાસે છે.

**(9) ભૂમિસુધારણા અને ભૂદાન ચળવળ :** સ્વતંત્ર ભારતમાં ગ્રામીણ સમાજની આર્થિક પરિસ્થિતિ સુધારવા માટે અને આર્થિક સમસ્યાઓના સમાધાનના હેતુથી ભૂમિસુધારણાને લગતા કાનૂનો અમલી બનાવવામાં આવ્યા. આવા કાનૂનોમાં જમીનદારી કાયદો, ગણોતધારો, જમીન ટોચ-મર્યાદા કાનૂન વગેરેનો સમાવેશ થાય છે. આવા કાનૂનોથી ભૂમિસંબંધોમાં શું ફેરફાર થયા અને ગ્રામજીવન ઉપર આ કાનૂનોની શી અસર થઈ તેનો અભ્યાસ ગ્રામીણ સમાજશાસ્ત્ર કરે છે. ભૂમિસુધારણા માટે સ્વૈચ્છિક સંગઠનો દ્વારા થયેલા પ્રયાસોમાં શ્રી વિનોબા ભાવેની ભૂદાન અને ગ્રામદાન ચળવળ નોંધપાત્ર છે. ગ્રામીણ સમાજશાસ્ત્ર ભૂદાન અને ગ્રામદાનનો હેતુ, કામગીરી અને જમીનની પુનઃ વહેંચણીને લગતાં મૂલ્યાંકન અભ્યાસો કરે છે.

Scanned with OKEN Scanner

**(10) ગ્રામીણ અશાંતિ :** બ્રિટિશ અલમ દરમિયાન ગ્રામીણ અશાંતિનાં બીજ રોપાયાં-ખાસ કરીને જમીનદારી અને રૈયતવારી પ્રથાથી ગામડામાં નવા વર્ગોનો ઉદ્ભવ થયો. આ વર્ગો વચ્ચે સામાજિક-આર્થિક અંતર વધતું જવાને લીધે ગામડામાં વર્ગના પાયા ઉપર વર્ગસંઘર્ષની શરૂઆત થઈ. કિસાનો અને ખેતમજૂરો પોતાનાં હિતો સંતોષવા માટે સંગઠનો રચવા લાગ્યા અને સંગઠિત સ્વરૂપે ચળવળ શરૂ થઈ. આવી ચળવળનો અભ્યાસ ગ્રામીણ સમાજશાસ્ત્ર માટે અગત્યનો બન્યો. એ જ રીતે ગામડામાં જ્ઞાતિના પાયા ઉપર સંઘર્ષ થવા લાગ્યો. ગ્રામીણ સમાજશાસ્ત્ર ગ્રામીણ સમાજની અશાંતિ અને સંઘર્ષનું સ્વરૂપ તથા તેનાં કારણો અને અસર તપાસે છે.

**(11) ગ્રામીણ સમસ્યાઓ :** ગ્રામીણ ભારતમાં પ્રવર્તતી અસ્પૃશ્યતા, ગરીબી, અસમાનતા, બેકારી, દેવું વગેરે સમસ્યાઓનું સ્વરૂપ, તેનાં કારણો અને પરિણામોનો અભ્યાસ ગ્રામીણ સમાજશાસ્ત્ર કરે છે. ગ્રામીણ સમાજની સમસ્યાઓ અને તેના ઉકેલ માટેના સરકારી તથા સ્વૈચ્છિક સંગઠનોના પ્રયાસોને લગતા અભ્યાસોએ ગ્રામીણ સમાજશાસ્ત્રમાં વ્યવહારલક્ષી ગ્રામીણ સમાજશાસ્ત્ર જેવી શાખાના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

**(12) ગ્રામીણ પરિવર્તન :** ગ્રામીણ સમાજશાસ્ત્ર ગ્રામીણ સમાજમાં આવતાં પરિવર્તનોનો અભ્યાસ કરે છે. આ પ્રકારના અભ્યાસમાં તે ગ્રામીણ પરિવર્તનમાં સહાયક અને અવરોધક પરિબળોનું સ્વરૂપ, વ્યાપ તથા તેની અસર તપાસે છે. ગ્રામીણ સમાજમાં આવી રહેલાં પરિવર્તનોની દિશા કેવી છે અને એ પ્રત્યે ગ્રામજનોના પ્રતિભાવો કેવા છે તે પણ તપાસે છે. ગ્રામીણ પરિવર્તનને લગતા અભ્યાસોમાં ગ્રામીણ સમાજશાસ્ત્ર વિભિન્ન સંસ્થાઓમાં આવતાં પરિવર્તનો ઉપરાંત નેતૃત્વમાં આવતાં પરિવર્તનોનો પણ અભ્યાસ કરે છે. ખાસ કરીને ગ્રામીણ પરિવર્તનની એજન્સીઝ કઈ કઈ છે તથા તેના દ્વારા ક્યાં ક્યાં પરિવર્તનો આવ્યાં છે તે ગ્રામીણ સમાજશાસ્ત્ર તપાસે છે. ગ્રામીણ પરિવર્તન એ ગ્રામીણ સમાજશાસ્ત્રના કાર્યક્ષેત્રનું મહત્ત્વનું ક્ષેત્ર છે.

આમ, ભારતમાં ગ્રામીણ સમાજશાસ્ત્રનું કાર્યક્ષેત્ર વ્યાપક છે. જેમ જેમ નવાં પરિબળો અને પ્રક્રિયાઓ વિકસતાં જાય છે તેમ તેમ ભારતમાં ગ્રામીણ સમાજશાસ્ત્રનું કાર્યક્ષેત્ર વધુ ને વધુ વિસ્તૃત બનતું જાય છે. કૃષિનું યાંત્રીકરણ, ગ્રામ વીજળીકરણ, ડેરી ઉદ્યોગ, સ્વૈચ્છિક સંસ્થાઓ, વગેરે નવાં પરિબળો અને પ્રક્રિયાઓ જેવાં કે સંચાર, વૈશ્વિકરણનો વિકાસ ગ્રામ સમાજશાસ્ત્રનું કાર્યક્ષેત્ર વધુ વિસ્તૃત બનાવે છે.

Scanned with OKEN Scanner

## 3. ગ્રામીણ સમાજશાસ્ત્રનું મહત્ત્વ (Significance of Rural Sociology)

સમાજશાસ્ત્રના સૈદ્ધાંતિક અને વ્યવહારલક્ષી મહત્ત્વની જેમ સમાજશાસ્ત્રની વિશિષ્ટ શાખા તરીકે ગ્રામીણ સમાજશાસ્ત્રનું પણ સૈદ્ધાંતિક અને વ્યવહારલક્ષી મહત્ત્વ રહેલું છે. આ સંદર્ભમાં ભારતમાં ગ્રામીણ સમાજશાસ્ત્રનું મહત્ત્વ આ પ્રમાણે વર્ણવી શકાય.

**(1) ઐતિહાસિક દૃષ્ટિએ ભારતમાં ગ્રામીણ સમાજશાસ્ત્રનું મહત્ત્વ :** ભારત એક ઐતિહાસિક વાસ્તવિકતા છે અને તેનો સામાજિક-સાંસ્કૃતિક ઇતિહાસ ઘણો લાંબો છે. આમ છતાં પરંપરાગત ભારતીય સમાજ અને તેની સંસ્કૃતિ એ માત્ર ઐતિહાસિક જિજ્ઞાસા નથી, પરંતુ અનુભવસિદ્ધ યથાર્થતા ધરાવતી જીવંત સમકાલીન સામાજિક ઘટના છે. ભારતીય સાંસ્કૃતિક પ્રણાલિકા પ્રાચીન યુગથી માંડીને વર્તમાન યુગ સુધી સાતત્યપૂર્ણ રીતે ગ્રામીણ સમાજમાં ચાલી આવી છે. આથી ભારતીય સમાજના સાતત્ય અને પરિવર્તનની પ્રક્રિયા સમજવામાં ગ્રામીણ સમાજશાસ્ત્ર અત્યંત ઉપયોગી બની શકે છે.

**(2) વસ્તીશાસ્ત્રીય દૃષ્ટિએ ભારતમાં ગ્રામીણ સમાજશાસ્ત્રનું મહત્ત્વ :** ભારતીય સમાજમાં વસ્તીની દૃષ્ટિએ ગ્રામીણ અભ્યાસોનું મહત્ત્વ રહેલું છે. ભારતીય સમાજનું સાચું સમાજશાસ્ત્રીય વિશ્લેષણ ગ્રામીણ દૃષ્ટિએ જ થઈ શકે. ભારતીય સમાજની વસ્તીશાસ્ત્રીય લાક્ષણિકતા જેવી કે વ્યાવસાયિક રચના, સ્ત્રી-પુરુષ પ્રમાણ, જન્મ-મૃત્યુ પ્રમાણ, જ્ઞાતિરચના, બાળકો અને વૃદ્ધોનું પ્રમાણ વગેરે ગ્રામીણ સમાજને કેન્દ્રમાં રાખી તપાસવામાં આવશ્યક બને છે અને તેના સમાજશાસ્ત્રીય વિશ્લેષણ દ્વારા જ ગ્રામીણ સમાજની સમસ્યાઓનું યથાર્થ નિદાન થઈ શકે. આમ, ભારતમાં વસ્તીશાસ્ત્રીય દૃષ્ટિએ ગ્રામીણ સમાજશાસ્ત્રનું મહત્ત્વ રહેલું છે.

**(3) ગ્રામીણ સમાજના કાર્યની દૃષ્ટિએ ગ્રામીણ સમાજશાસ્ત્રનું મહત્ત્વ :** માનવ-સમાજ અને સંસ્કૃતિનો મૂળાધાર ગ્રામીણ સમાજ છે. ગ્રામીણ સમાજમાંથી જ માનવસંસ્કૃતિ પાંગરી છે. ગ્રામીણ સમાજ માનવ સમાજ માટે કેટલાંક પાયાંના કામો કરે છે. જેમ કે, આજે આપણે જે અનાજ, લાકડું, મકાન માટેની કાચી સામગ્રી, દૂધ અને તેની બનાવટો વગેરે વાપરીએ છીએ તે ગ્રામીણ સમાજ પૂરી પાડે છે. એ જ રીતે આધુનિક સમયમાં વિકસેલી શહેરી સમાજવ્યવસ્થામાં વસ્તીની ભરતીનો મુખ્ય આધાર ગ્રામીણ સમાજ છેઅને વિવિધ ઐતિહાસિક યુગોમાં થયેલી આર્થિક-સામાજિક અને સાંસ્કૃતિક ઉથલપાથલોમાં ગામડાંઓએ સામાજિક સલામતી અને

Scanned with OKEN Scanner

સાંસ્કૃતિક સુરક્ષાનું કાર્ય કર્યું છે. ભારતીય સમાજના પાયાનાં અંગોમાં ગ્રામીણ સમાજનું મહત્ત્વનું સ્થાન રહેલું છે. ભારતનો ગ્રામીણ સમાજનો મુખ્ય વ્યવસાય ખેતી છે. શહેરી વસ્તીની ખાદ્યસામગ્રી ઉપરાંત ભૌતિક સુવિધાઓની અનેકવિધકાચી સામગ્રી પૂરી પાડે છે. આપણો ડેરી ઉદ્યોગ ગામડાં ઉપર આધારિત છે. એ જ રીતે અન્ય કાચી સામગ્રી માટે કહી શકાય. ગ્રામીણ સમાજ શહેરી ઉદ્યોગોને કાચી સામગ્રી પૂરી પાડવાનું, શહેરમાં વસ્તીની ભરતી કરવાનું તથા સામાજિક-આર્થિક સલામતી પૂરી પાડવાનું અને સંસ્કૃતિનું સંરક્ષણ કરવાનું કાર્ય કરતો હોવાથી ભારતીય સમાજ માટે ગ્રામીણ સમાજના અભ્યાસનું કાર્યાત્મક મહત્ત્વ રહેલું છે. ગ્રામ સમાજના કાર્યાત્મક અભ્યાસો વ્યવહારુ આયોજન કરવામાં ઉપયોગી બની શકે છે.

**(4) ભારતીય સમાજને યથાર્થ રીતે સમજવાની દૃષ્ટિએ મહત્ત્વ :** ગ્રામીણ સમાજશાસ્ત્રીય અભ્યાસો અને શહેરી સમાજશાસ્ત્રીય અભ્યાસો પરસ્પરના પૂરક બનીને ભારતીય સમાજ અને સંસ્કૃતિનું વાસ્તવિક ચિત્ર રજૂ થઈ શકે. ભારતીય સમાજ અને સંસ્કૃતિને યથાર્થ રીતે સમજવાં હોય તો શહેરી દૃષ્ટિવાળા અભ્યાસો ઉપરાંત ગ્રામીણ દૃષ્ટિવાળા અભ્યાસો પણ આવશ્યક બને છે. આવા અભ્યાસો દ્વારા જ ભારતીય સમાજને યથાર્થ રીતે સમજી શકાય. આમ, ગ્રામીણ સમાજશાસ્ત્ર ભારતીય સમાજ અને સંસ્કૃતિને યથાર્થ રીતે સમજવામાં ઉપયોગી બની શકે છે.

**(5) ગ્રામીણ સમાજ અંગે વાસ્તવિક દૃષ્ટિ કેળવવામાં ગ્રામીણ સમાજશાસ્ત્રનું મહત્ત્વ :** ભારતના ગ્રામીણ સમાજના સ્વરૂપ અંગે કેટલાક ભૂલભરેલા ખ્યાલો વિકસ્યા છે. પશ્ચિમના વિદ્વાનો દ્વારા ભારતીય ગ્રામીણ સમુદાયના જે અભ્યાસો થયા તેમાંકેટલાક વિદ્વાનોએ ભારતીય ગ્રામ સમુદાયને લઘુ ગણરાજ્ય તરીકે વર્ણવ્યું છે, તો કેટલાક વિદ્વાનોએ ભારતીય ગ્રામીણ સમુદાયમાં આદિમ સામ્યવાદ પ્રવર્તતો હતો તેવું ચિત્ર રજૂ કર્યું છે. ભારતીય ગ્રામીણ સમુદાયનાં આ બંને ચિત્રો પરસ્પર વિરોધી અને ભૂલભૂરેલાંછે. ભારતીય વિદ્વાનો દ્વારા ગ્રામીણ સમાજના થયેલા અભ્યાસોથી હવે એ ફલિત થયું છે કે ભારતીય ગ્રામસમુદાયો ન તો લઘુગણરાજ્યો હતાં ન તો તેમાં આદિમ સામ્યવાદ પ્રવર્તતો હતો, પરંતુ તે સ્વશાસિત એકમો હતાં. આમ, ભારતીય ગ્રામીણ સમુદાય અંગે વાસ્તવિક દૃષ્ટિ કેળવવામાં ગ્રામીણ સમાજશાસ્ત્રીય અભ્યાસો ઉપયોગી બની શકે છે. ભારતીય ગ્રામીણ સમુદાયને અલગતા ધરાવતા આત્મનિર્ભર એકમ તરીકે વર્ણવવામાં આવ્યો હતો, પરંતુ હવે ગ્રામીણ અભ્યાસોથી એ સ્પષ્ટ થયું છે કે ભારતીય ગામડું ક્યારેય સંપૂર્ણ સામાજિક અલગતા ધરાવતું ન હતું અને તે સંપૂર્ણપણે આત્મનિર્ભર પણ ન હતું. પરંતુ સાપેક્ષ રીતે તે સામાજિક

Scanned with OKEN Scanner

અલગતા અને આત્મનિર્ભરતા ધરાવતું સામાજિક એકમ હતું. આમ, ભારતમાં ગ્રામસમુદાય અંગે વાસ્તવિક અને વૈજ્ઞાનિક ખ્યાલ કેળવવામાં ગ્રામીણ સમાજશાસ્ત્ર નોંધપાત્ર ફાળો આપી શકે છે.

**(6) આયોજન અને વિકાસની દૃષ્ટિએ ગ્રામીણ સમાજશાસ્ત્રનું મહત્ત્વ :** ગ્રામીણ આયોજન માટે ગ્રામીણ જીવન અંગેની સમાજશાસ્ત્રીય માહિતીની વિશેષ જરૂર રહે છે. ગ્રામીણ સમાજશાસ્ત્ર આયોજન માટે જોઈતી ગરીબી, અસ્પૃશ્યતા, નિરક્ષરતા વગેરેને લગતી આવશ્યક માહીતી પૂરી પાડવામાં ઉપયોગી બને છે, એટલું જ નહીં, પરંતુ નીતિનિર્માણમાં ગ્રામીણ સમાજશાસ્ત્રીઓ તેમનો ફાળો આપી શકે છે. ગ્રામીણ વિકાસનાં કાર્ય સાથે સંકળાયેલા અધિકારીઓને તથા કર્મચારીઓને તાલીમ આપવામાં ગ્રામીણ સમાજશાસ્ત્રનો અભ્યાસ ઉપયોગી બને છે. વિકાસ કાર્યક્રમોને સફળ બનાવવામાં ક્યાં ક્યા અવરોધક પરિબળો પડેલાં છે તે જાણવામાં અનેસમજવામાં ગ્રામીણ સમાજશાસ્ત્ર મહત્ત્વનો ફાળો આપી શકે છે. આવા જ્ઞાનના ઉપયોગ દ્વારા કાર્યક્રમોના અમલ અંગેનો વ્યૂહ બદલવાની સૂઝ કેળવાય છે. આમ, ગ્રામીણ સમાજશાસ્ત્ર આયોજન તથા વિકાસ કાર્યક્રમો માટે ઉપયોગી માહિતી અને દૃષ્ટિ પૂરી પાડવામાં મદદરૂપ બને છે.

**(7) ગ્રામીણ સમસ્યાઓના નિવારણમાં ગ્રામીણ સમાજશાસ્ત્રનું મહત્ત્વ :** ગ્રામીણ સમાજશાસ્ત્ર ગ્રામીણ સમસ્યાઓનો પણ અભ્યાસ કરે છે. ગામડાની ગરીબી, અસ્પૃશ્યતા, સ્થળાંતર, બેરોજગારી, ટેકનોલોજીની નીચી કક્ષા, ઓછી ઉત્પાદકતા, સામાજિક-આર્થિક અસમાનતા, નિરક્ષરતા વગેરે સમસ્યાઓના અભ્યાસોમાં ગ્રામીણ સમાજશાસ્ત્ર આ અને આવી અન્ય સમસ્યાઓનું સ્વરૂપ, તેની સામાજિક-સાંસ્કૃતિક પાર્શ્વભૂમિ તેમજ તેનો વ્યાપ અને કારણો તપાસે છે. આથી ગ્રામીણ સમસ્યાના આવા નિદાનાત્મક અભ્યાસો ગ્રામીણ સમાજ માટેનાં ઉપચારાત્મક પગલાં નક્કી કરવામાં સહાયક બની શકે છે. આ રીતે ગ્રામીણ સમાજશાસ્ત્ર ગ્રામીણ સમસ્યાના ઉકેલમાં તેનો યથાયોગ્ય ફાળો આપવાની ક્ષમતા ધરાવે છે.

**(8) ગ્રામીણ સમુદાય વિકાસ માટે ગ્રામીણ સમાજશાસ્ત્રનું મહત્ત્વ :** ગ્રામીણ સમુદાય વિકાસ માટે ગ્રામીણ સમાજશાસ્ત્રનું જ્ઞાન એક પૂર્વજરૂરિયાત છે. હરિયાળી ક્રાંતિ, શ્વેત ક્રાંતિ અને સમુદાય વિકાસ માટે આધુનિક કૃષિ સાધનો અને નવી પદ્ધતિઓ અંગેનું તકનીકી જ્ઞાન અને કૌશલ્યો જરૂરી છે તેમ ગ્રામજનો, તેનું કુટુંબજીવન તથા સમુદાય અંગેનું જ્ઞાન તથા એ જ્ઞાનના વ્યવહારુ ઉપયોગનું કૌશલ્ય પણ જરૂરી છે. ગ્રામીણ સમાજશાસ્ત્ર આવું જ્ઞાન અને કૌશલ્ય પૂરાં પાડતું હોવાથી ગ્રામીણ સમુદાય

Scanned with OKEN Scanner

વિકાસ માટે ગ્રામીણ સમાજશાસ્ત્રનું જ્ઞાન એક પૂર્વજરૂરિયાત બની રહે છે. વિસ્તરણ માટેનો યોગ્ય વ્યૂહ ઘડવા માટે ગ્રામીણ સમાજશાસ્ત્રનું જ્ઞાન આવશ્યક છે.

ગ્રામીણ પરિવર્તનને શક્ય બનાવવા પરિવર્તનના વાહકોએ તેમનો અભિગમ નક્કી કરવા માટે ગ્રામજનોના વિરોધને પહોંચી વળવા માટે, ગ્રામજનો સાથે કઈરીતે કામ લેવું, તેમનો વિશ્વાસ કઈ રીતે સંપાદન કરવો વગેરે અંગેના નિર્ણયો લેવા માટેનો પોતાનો વ્યૂહ ઘડવામાં ગ્રામીણ સમાજશાસ્ત્રનું જ્ઞાન ઉપયોગી બને છે. ગ્રામજનો અને તેમના જીવન અંગેનું જ્ઞાન સમુદાય વિકાસ કાર્યકર માટે જરૂરી છે. આવું જ્ઞાન ગ્રામીણ સમાજશાસ્ત્ર પૂરું પાડે છે. આવા જ્ઞાનથી વિકાસ કાર્યક્રમમાં ગ્રામજનોના વર્તન અંગે સૂક્ષ્મ દૃષ્ટિ કેળવાય છે. ગ્રામજનો ઉપર તેમની સંસ્કૃતિ અને સમાજની કેવી અસરો છે તે સમજવા માટેની સૂક્ષ્મ દૃષ્ટિ પણ કેળવાય છે. ગ્રામીણ પરિવર્તન માટેના પોતાના પ્રયાસોમાં સહાયક અને અવરોધક બનતાં પરિબળોને સમજવામાં આવી સૂક્ષ્મદૃષ્ટિ ઉપકારક નીવડે છે. સંક્ષેપમાં, ગ્રામીણ વિકાસ કાર્યકરોમાં હોવી જોઈતી આવી સૂક્ષ્મદૃષ્ટિ કેળવવામાં ગ્રામીણ સમાજશાસ્ત્ર ઉપયોગી બને છે.

**(9) સમાજશાસ્ત્રના વિકાસની દૃષ્ટિએ ગ્રામીણ સમાજશાસ્ત્રનું મહત્ત્વ :** ભારતના જુદા જુદા વિસ્તારોના ગ્રામીણ અભ્યાસોએ ભારતમાં સમાજશાસ્ત્રનું ખેડાણ કરવામાં અને વિકાસ સાધવામાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. સમાજશાસ્ત્રના વિકાસના મુખ્ય ત્રણ આધારસ્તંભો છે. એક ખ્યાલોનો વિકાસ, બીજું પદ્ધતિશાસ્ત્રનો વિકાસ અને ત્રીજું સિદ્ધાંતોનો વિકાસ. ગ્રામીણ અભ્યાસો દ્વારા ભારતમાં ગ્રામીણ સમાજશાસ્ત્રમાં પ્રભાવી જ્ઞાતિ, ગ્રામસમુદાય વગેરે ખ્યાલો ઠીક ઠીક પ્રમાણમાં વિકાસ પામ્યા છે અને તે દ્વારા ખ્યાલાત્મક માળખું બંધાયું છે. એ જ રીતે ગ્રામીણ સમાજના અભ્યાસ દ્વારા નિરીક્ષણ, મુલાકાત, સર્વેક્ષણ વગેરે પદ્ધતિઓનું ખેડાણ થવા પામ્યું છે અને ઐતિહાસિક, સંઘર્ષવાદી, રચના-કાર્યવાદી વગેરે અભિગમો અને સિદ્ધાંતોની ચકાસણી થવા પામી છે અને તેની ઉપયુક્તતા સ્પષ્ટ થઈ છે. આમ, ગ્રામીણ સમાજશાસ્ત્ર ભારતમાં સમાજશાસ્ત્રના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપે છે.

## 4. ગ્રામીણ અને નગર સમુદાયની તુલના

## (Comparison of Rural and Urban Communities)

શ્રીનિવાસ નોંધે છે તે મુજબ અમુક અપવાદો બાદ કરતાં ભારતભરમાં ગામડું એટલે મધ્યમાં ઘરો અને ઝૂંપડાંનું ઝૂમખું અને આસપાસ બધે ખેતરો. આ ઘરોની હારો વચ્ચે સાંકડી, વાંકીચૂંકી શેરીઓ આવેલી હોય છે. છાપરાં ગામના

Scanned with OKEN Scanner

કુંભારે બનાવેલાં નળિયાંવાળા હોય છે. ગામમાં એકથી વધુ જ્ઞાતિઓ હોય છે અને તેને નજીકમાં ગામોની જ જ્ઞાતિ સાથે ગાઢ સંબંધો હોય છે. એટલે ગામ એ ઘણી જ્ઞાતિઓનું બનેલું ઊભું સંગઠન છે તથા જ્ઞાતિના સંબંધો ગામની અન્ય જ્ઞાતિઓ સાથે વિસ્તાર પામે છે. તેથી તે આડું સંગઠન છે. ગામડું એ પરસ્પરાવલંબી એકમ છે. મોટેભાગે તે સ્વાયત્ત હોય છે, તેને તેના પોતાનાં ગ્રામપંચાયત અને વહીવટકર્તાઓ હોય છે. ગામની અંદર દરેક જ્ઞાતિ તેનું આગવું જીવન જીવે છે. જો કે તે જ્ઞાતિ ગામમાં અને અન્ય ગામમાં બીજી જ્ઞાતિઓ ઉપર આધાર રાખે છે. આર્થિક વર્ગના ધોરણે પણ ગામની વસતીના ભાગ પડેલા હોય છે.

દુબે જણાવે છે તેમ, 'ગામડું એક પ્રાદેશિક જૂથ છે અને તે સામાજિક, આર્થિક અને વિધિવિધાનનું એકમ છે તથા તેનું પોતાનું ભિન્ન અને વિશિષ્ટ અસ્તિત્વ છે." વધુમાં તેઓ નોંધે છે તેમ, ગામને તેની પોતાની ઓળખ, તેની નિશ્ચિત હદ, મહેસૂલ અને જંગલ, ખેતીની જમીન અને ગૌચરની જમીન તથા સામુદાયિક કૂવા, તળાવ અને ધર્મસ્થાનો તથા પંચાયત હોય છે.

સામાન્ય રીતે ભારતમાં જે સમુદાયમાં શહેરી સુધરાઈ કે નગરપાલિકા કે મહાનગરપાલિકા જેવી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા હોય તેને નગર કે શહેર તરીકે ઓળખવામાં આવે છે, પરંતુ ડૉ. લલિતપ્રસાદ વિદ્યાર્થી કહે છે તેમ, આ વ્યાખ્યા શહેરીજીવનના સામાજિક પાસાંને લક્ષમાં લેતી નથી. તેઓ નોંધે છે તેમ **'સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી જોઈએ તો નગર એ જીવનની એક શૈલી છે.** નગરમાં વસ્તી વધારે અને ગીચ હોય છે. ત્યાં અવર-જવરની, આપ-લેની, ખરીદ-વેચાણની, વૈજ્ઞાનિક અને શૈક્ષણિક સગવડો પ્રમાણમાં પુષ્કળ હોય છે. આથી શહેરોની સામાજિક વ્યવસ્થા, શહેરીજનોની માન્યતાઓ અને શ્રદ્ધાઓમાં પણ વૈવિધ્ય હોય છે.'

આધુનિક યુગનો કોઈ પણ સમાજ મુખ્યત્વે ગ્રામીણ અને નગર સમુદાયો જેવા બે વિભાગોમાં વહેંચાયેલો છે. આ બંને પ્રકારના સમુદાયોમાં સામાજિક સંબંધોની વ્યવસ્થા ભિન્ન સ્વરૂપની હોય છે. ભારતના ગ્રામીણ અને નગર સમુદાયોનાં સ્વરૂપ ભિન્ન છે એટલું જ નહિ, પરંતુ ઇંગ્લૅન્ડ, ફ્રાંસ, અમેરિકા, ચીન વગેરે દેશોના ગ્રામીણ અને નગર સમુદાયોથી પણ તે જુદા પડે છે. તે દૃષ્ટિએ ભારતીય ગ્રામીણ અને નગર સમાજના વિશિષ્ટ લક્ષણોની સમજૂતી મેળવવી આવશ્યક બને છે.

2011 ની વસ્તી ગણતરી મુજબ ભારતની કુલ વસ્તી અંદાજે એક અબજ, એકવીસ કરોડથી વધુ છે. ભારતની કુલ વસ્તીના 68.85 ટકા લોકો ગ્રામીણ વિસ્તારોમાં અને 31.14 ટકા વસ્તી શહેરી વિસ્તારોમાં વસવાટ કરે છે. ભારતમાં 5 લાખથી 80 હજારથી વધુ ગામડાં છે અને 7933 નગરો છે. ગામડાં અને શહેરો

Scanned with OKEN Scanner

વચ્ચે પરસ્પરાવલંબન અને સાતત્યપૂર્ણ સંબંધ રહેલો છે. બંને વચ્ચે પારસ્પરિક સંપર્કને લીધે ગ્રામીણ અને નગર સમાજનું સ્વરૂપ સ્થાયી નહીં, પરંતુ પરિવર્તનશીલ છે. નગર સમાજમાં વસ્તીનો મૂળભૂત સ્રોત ગ્રામપ્રદેશ છે અને બંને પરસ્પરની જરૂરિયાતો પૂરી પાડે છે.

ગ્રામીણ સમાજશાસ્ત્ર ગ્રામીણ સમુદાયોનો અભ્યાસ કરે છે અને નગર સમાજશાસ્ત્ર નગર સમુદાયોનો અભ્યાસ કરે છે. પરંતુ ગ્રામીણ અને નગર જીવન એક જ સભ્યતાનાં બે પાસાં છે. આ બે પાસાં પરસ્પર સંબંધિત છે તેમજ તેમની વચ્ચે સાતત્યપૂર્ણ સંબંધ રહેલો છે. આથી ગ્રામીણ સમુદાય અને નગર સમુદાયનાં લક્ષણો સમજવા માટે તેમજ ભારતીય સમાજ અંગેની સમતોલ સમજ મેળવવા માટે ગ્રામીણ અને નગર સમુદાયો વચ્ચેના તફાવતો સમજવા આવશ્યક બને છે.

આ સંદર્ભમાં ગ્રામીણ અને નગર સમુદાયની તુલના વર્ણવી છે.

**ડૉ. એ. આર. દેસાઈ, સોરોકીન અને ઝિમરમેન** તથા મેકાઈવર અને પેજે ગ્રામીણ અને નગર સમુદાયો વચ્ચેના તફાવતની ચર્ચા કરી છે તેને આધારે વિભિન્ન લક્ષણો લક્ષમાં રાખીને ભારતીય સંદર્ભમાં આ બંને સમુદાયોની તુલના કરીને તેમની વચ્ચે કયા તફાવતો છે તે સમજવા પ્રયત્ન કરીશું.

**(1) કુદરતી પર્યાવરણ સાથેના સંબંધમાં તફાવત :** સોરોકીન અને ઝિમરમેન નોંધે છે, કે ગ્રામસમુદાયમાં માનવસમાજ નિર્મિત પરિસ્થિતિ ઉપર કુદરતનું પ્રભુત્વ હોય છે. પ્રકૃતિ સાથે પ્રત્યક્ષ સંપર્ક હોય છે, જ્યારે શહેર સમુદાય પ્રકૃતિથી અત્યધિક દૂર હોય છે. તેમાં પ્રકૃતિસર્જિત પરિસ્થિતિ પર માનવસર્જિત પરિસ્થિતિનું પ્રભુત્વ હોય છે.

ગ્રામ સમુદાય પ્રકૃતિના નિકટના સંપર્ક અને સંઘર્ષમાં જીવન જીવે છે. પ્રકૃતિ તેને માટે સર્વસ્વ હોય છે. પ્રકૃતિનાં વિભિન્ન તત્ત્વો જેવાં કે જમીન, ઝાડપાન, ઋતુ, સૂર્ય, દિવસ, રાત્રિ, નદી, તળાવ, વરસાદ, પશુ વગેરેનું તેમના જીવનમાં અનેરું મહત્ત્વ હોય છે. જ્યારે શહેરમાં કુદરતી પર્યાવરણ ગૌણ હોય છે. ત્યાં કુદરતી પર્યાવરણને ઘણી વખત નહિવત કરી નાખવામાં આવ્યું હોય છે. શહેરના લોકો માનવ અને માનવસર્જિત પર્યાવરણ ઉપર વધુ આધાર રાખે છે. અહીં માનવસર્જિત અને યાંત્રિક વાતાવરણનો પ્રભાવ હોય છે. ઝાડપાન, ઘાસ, ફૂલ વગેરે માનવી પોતપોતાની ઇચ્છાનુસાર પસંદ કરી પોતાની ઇચ્છા મુજબના સ્થળે ઉગાડે છે. અહીં જોવા મળતાં ઘરના કે જાહેર બગીચા કૃત્રિમ રીતે વિકસાવેલા હોય છે. આથી જ કેટલાક વિદ્વાનોએ શહેરને કૃત્રિમ કહ્યું છે.

Scanned with OKEN Scanner

**(2) વ્યાવસાયિક તફાવતો :** ગ્રામ સમુદાયમાં મુખ્ય વ્યવસાય ખેતી છે અને ખેતીને ઉપકારક અન્ય વ્યવસાયો હોય છે. આ વ્યવસાયમાં સમાન કાર્યપરિસ્થિતિ હોય છે. તેમાં માનવશક્તિનો ઉપયોગ કેન્દ્રસ્થાને રહે છે.

શહેરમાં ધંધાની વિવિધતા છે. મુખ્યત્વે ઉદ્યોગ, વેપાર, વાણિજ્ય, શાસનકાર્ય અને તે બધામાં સૂક્ષ્મ શ્રમવિભાજનને લીધે અનેકવિધ વ્યવસાયો વિકસેલા હોય છે. ઉત્પાદન-કાર્યમાં અને બીજી કેટલીક પ્રવૃત્તિઓમાં યાંત્રિકશક્તિનો ઉપયોગ કેન્દ્રસ્થાને રહે છે.

શહેરમાં વ્યક્તિએ બહુવિધ કાર્યો કરવાનાં રહે છે તેથી તે માનસિક થાક અનુભવે છે. કાર્યની રીત પણ વિશિષ્ટ સ્વરૂપની હોય છે. ઉત્પાદન વધે, મહેનત ઓછી પડે, ઝડપી ઉત્પાદન થાય તે માટે તાર્કિકીકરણ કેન્દ્રસ્થાને રહે છે. જ્યારે ગ્રામ સમુદાયમાં કાર્યની રીતમાં તાર્કિકીકરણનો અભાવ રહે છે. એક જ વ્યક્તિ ઉત્પાદનકાર્ય સાથે સંકળાયેલાં વિભિન્ન કાર્યો કરતી હોય છે. તેથી તે માનસિક થાક અનુભવતી નથી, તેને કાર્યનો સંતોષ મળે છે.

ગ્રામ સમુદાયમાં ધંધાકીય તાલીમ કુટુંબમાં જ મળે છે, જ્યારે શહેરમાં તાલીમકેન્દ્રો વિકસ્યાં હોય છે.

ગ્રામ સમુદાયમાં અર્થવ્યવહારનું ધ્યેય આજીવિકા પૂરતું મર્યાદિત હોય છે. જ્યારે શહેર સમુદાયમાં અર્થવ્યવસ્થાનું ધ્યેય આજીવિકા ઉપરાંત નફો હોય છે. આથી ગ્રામ સમુદાયમાં સહકાર કેન્દ્ર સ્થાને રહે છે, જ્યારે શહેરમાં સ્પર્ધા મુખ્ય બને છે. શહેરમાં મૂડીઅર્થવ્યવસ્થાને લીધે સંપત્તિનું કેન્દ્રીકરણ થાય છે અને તેથી વર્ગઅંતર વધુ વિકસે છે.

ગ્રામ સમુદાયમાં આર્થિક સંબંધો યજમાની પ્રથા દ્વારા નક્કી થાય છે, જ્યારે શહેરમાં કરારના પાયા પર સંબંધો રચાયેલા છે.

**(3) એકવિધતા અને અનેકવિધતા :** ગામડું એકવિધ સમુદાય છે, જ્યારે શહેર અનેકવિધ સમુદાય છે. ગામડામાં ભાષા, ધર્મ, જાતિ, વ્યવસાય, જીવનશૈલી વગેરેની એકવિધતા છે. જ્ઞાતિનું વૈવિધ્ય હોવા છતાં સમુદાયની એક સામાન્ય સંસ્કૃતિને લીધે સામુદાયિક જીવનમાં એકવિધતા કેન્દ્રસ્થાને રહે છે. અહીં જોવા મળતી ભિન્નતા ગૌણ અને સમાનતા મુખ્ય હોય છે. જ્યારે શહેરમાં વ્યક્તિગત અને જૂથ તફાવતો સવિશેષ હોય છે. એક જ શહેરમાં વિવિધભાષી, વિવિધધર્મી લોકો રહેતા હોય છે તેમજ વિભિન્ન વ્યાવસાયિક સ્તરના લોકોની જીવનશૈલી અને સંસ્કૃતિમાં તફાવત હોય છે.

Scanned with OKEN Scanner

ગ્રામ સમુદાયની એકવિધતા સંગઠન અને સુગ્રથન સર્જે છે, જ્યારે શહેરોમાં સંગઠન અને સુગ્રથનની માત્રા ઓછી હોય છે, અથવા વિઘટનાત્મક પરિસ્થિતિ હોય છે. સામાજિક ધોરણો અને મૂલ્યોના તફાવતો ઘણી વખત વ્યક્તિના જીવનમાં એનોમીની પરિસ્થિતિ પણ સર્જે છે. શહેરમાં જોવા મળતો વિચલનનો દર આ ઘટનાની પ્રતીતિ કરાવે છે.

**(4) સમુદાયના કદ અને ઘનતામાં તફાવત :** વસતિની દૃષ્ટિએ જોઈએ તો ગ્રામીણ અને નગર સમુદાય વચ્ચે મહત્ત્વનો તફાવત છે. વસતિ એટલે કાર્યાત્મક રીતે પરસ્પરાવલંબિત જૂથ, ગ્રામીણ સમુદાયના વિભિન્ન જૂથો પરસ્પરાવલંબિત હોય છે.

ગ્રામ સમુદાયનું કદ નાનું હોય છે. વસ્તીની સંખ્યા અને ગીચતા ઓછી હોય છે. ભારતમાં બે લાખથી વધુ ગામડાંની વસ્તી પાંચસોથી પણ ઓછી છે અને 145000થી વધુ ગામડાંની વસ્તી હજારથી પણ ઓછી છે. જ્યારે ભારતમાં એક લાખથી વધુ વસ્તીવાળાં શહેરો 296 જેટલાં છે. તેમાં કલકત્તાની વસતિ 1 કરોડથી વધુ, મુંબઈમાં એક કરોડથી વધુ, દિલ્હીમાં આશરે 1 કરોડની વસતિ છે. આ અને આવાં અતિવસ્તીવાળાં શહેરોમાં વસ્તીની ગીચતાની લાક્ષણિકતા જોવા મળે છે.

ગામડાંમાં કુટુંબને રહેવાં અને સૂવાની જગ્યા મળી રહે છે, જ્યારે ભારતનાં મોટાં શહેરોમાં મોટાભાગના લોકોને રહેવા-સૂવાની જગ્યાનો અભાવ હોય છે, અથવા અપૂરતી જગ્યા હોય છે. ફૂટપાથ પર સૂનારા લોકોની વસ્તી પણ નોંધપાત્ર છે. આમ, શહેરમાં વસવાટની જટિલ સમસ્યા હોય છે, જેના પરિણામે ગંદા વસવાટો વિકસી આવે છે. ગામડાંનું કદ નાનું હોવાથી સંપર્કનાં આધુનિક સાધનોની આવશ્યકતા રહેતી નથી. જ્યારે શહેરમાં અવરજવર માટે વિવિધ પ્રકારનાં વાહનોની સગવડો ઉદ્ભવે છે. ગીચ વસ્તીને લીધે તથા વાહનોની વિપુલતાને લીધે અકસ્માતોની ઘટમાળ કુટુંબજીવન પર વિઘાતક અસર પહોંચાડે છે. અનેકવિધ કારખાનાં અને વાહનોને લીધે વાતાવરણ અશુદ્ધ બને છે. ગામડાંમાં આવી સમસ્યાનો અભાવ રહે છે.

ગામડાંની વસ્તી જ્ઞાતિના પાયા પર વિભિન્ન ભૌગોલિક વિસ્તારોમાં વિભાજિત થયેલી હોય છે, જ્યારે શહેરમાં જ્ઞાતિનાં તત્ત્વની આછીપાતળી અસર રહેવા છતાં મુખ્યત્વે વિશેષીકરણ અને આર્થિક-સામાજિક પાયા પર વસ્તીનું ભૌગોલિક વિભાજન થયેલું હોય છે અને વિભિન્ન કેન્દ્રીય વિસ્તારો વિકસ્યા હોય છે.

**(5) સામાજિક સંબંધોના સ્વરૂપમાં તફાવત :** ગ્રામ સમુદાયમાં પ્રાથમિક સંબંધોનું અને શહેરમાં દૂરવર્તી સંબંધોનું પ્રાધાન્ય હોય છે.

Scanned with OKEN Scanner

સોરોકીન અને ઝિમરમેન નોંધે છે તેમ, ગ્રામ સમુદાયમાં વ્યક્તિદીઠ સંપર્કનું પ્રમાણ ઓછું હોય છે. વ્યક્તિ અને સમષ્ટિ વચ્ચેની આંતરક્રિયાનું ક્ષેત્ર મર્યાદિત હોય છે. પ્રાથમિક, અંગત અને પ્રમાણમાં સ્થાયી સંબંધોનું પ્રાધાન્ય હોય છે. માનવી-માનવી વચ્ચેના સંબંધોમાં એક પ્રકારનું અંગતપણું વ્યક્ત થતું હોય છે. જ્યારે શહેરમાં સંપર્કનું ક્ષેત્ર વ્યાપક હોય છે. દૂરવર્તી અવૈયક્તિક, બિનઅંગત, ઉપરછલ્લા અને ઔપચારિક સંબંધો પ્રભાવી હોય છે અને સંબંધોની જટિલતા જોવા મળે છે.

ગ્રામ સમુદાયમાં સ્થિર વસવાટને લીધે પેઢી દર પેઢી સંબંધો ચાલ્યા આવે છે, જ્યારે શહેરમાં વ્યક્તિ સ્થળાંતર કરતી હોઈ અસ્થાયી વસવાટને લીધે તેમજ ગતિશીલતાને કારણે સ્થાયી સંબંધો ઓછા વિકસે છે. અહીં દરજ્જા સંબંધોનું પ્રાધાન્ય હોય છે અને સંબંધોમાં યાંત્રિકતા જોવા મળે છે.

**(6) સામાજિક નિયંત્રણના સ્વરૂપમાં તફાવત :** ગ્રામ સમુદાયના વ્યક્તિના વર્તન પર કુટુંબ તેમજ ગ્રામ સમુદાયનું વિશિષ્ટ નિયંત્રણ હોય છે. કુટુંબનો કોઈ એક સભ્ય સામાજિક કે ધાર્મિક ગુનો કરે કે સમુદાયનાં ધોરણોનો ભંગ કરે તો તે માટે સમગ્ર કુટુંબ શિક્ષાનો ભોગ બને છે. કુટુંબનો વડો જ્ઞાતિપંચ અને ગ્રામસમિતિ બંનેને જવાબદાર હોય છે. તેથી તે કુટુંબના સભ્યો પર પોતાનું નિયંત્રણ જાળવી રાખે છે. વિશેષતઃ સામાજિક અનુમતિને પ્રોત્સાહન મળે છે. જ્યારે શહેર સમુદાયમાં ગુના બદલ કુટુંબ નહીં પણ વ્યક્તિ પોતે જ જવાબદાર હોય છે. કુટુંબનું મર્યાદિત નિયંત્રણ હોય છે. સમુદાય સીધી રીતે વ્યક્તિ પર નિયંત્રણ મૂકી શકતો નથી. કાયદો કુટુંબને નહીં પણ વ્યક્તિને સ્પર્શે છે.

ગ્રામ સમુદાયમાં પરસ્પરની ઓળખ, મોઢામોઢાના સંબંધ કે પ્રત્યક્ષ હાજરી, ટીકા, મશ્કરી જેવી અનૌપચારિક યુક્તિઓ દ્વારા નિયંત્રણ થાય છે. જ્યારે શહેરમાં કાનૂન, પોલીસ, દૂરવર્તી જૂથોનાં ધોરણો વગેરે દ્વારા ઔપચારિક સ્વરૂપે નિયંત્રણ થાય છે. અહીં પરસ્પરની ઓળખનો અભાવ રહે છે. વ્યક્તિ અનામીપણાની ભાવનાનો અનુભવ કરે છે તેમજ ગુનો છુપાવી શકવાની અનુકૂળતાને લીધે સામાજિક વિચલનને પ્રોત્સાહન મળે છે.

ટૂંકમાં, ગ્રામ સમુદાયમાં એકંદરે સ્વયંજનિત, અનૌપચારિક અને પ્રાથમિક સ્વરૂપનું નિયંત્રણ જોવા મળે છે, જ્યારે શહેરમાં વ્યક્તિ પર લાદેલું, કૃત્રિમ, યોજનાપૂર્વકનું, ઔપચારિક અને દૂરવર્તી નિયંત્રણ જોવા મળે છે.

**(7) સામાજિક સ્તરરચનામાં તફાવત :** ગ્રામ સમુદાયની સ્તરરચના મુખ્યત્વે જ્ઞાતિ અને કૃષિ વ્યવસ્થા પર રચાયેલ હોય છે. વિભિન્ન જ્ઞાતિઓ વચ્ચેનું ચોક્કસ

Scanned with OKEN Scanner

કાયમી અંતર હોય છે. જમીનના પાયા પર આર્થિક વર્ગો વિકસ્યાં હોય છે. તેમ છતાં એકંદરે તીવ્ર વર્ગભેદ હોતો નથી, તીવ્ર આર્થિક અસમાનતા હોતી નથી. જ્યારે શહેર સમુદાયમાં જ્ઞાતિ-વ્યવસ્થા હોય છે ખરી, પરંતુ ગ્રામ સમુદાય જેટલું ચોક્કસ કાયમી અંતર હોતું નથી. અહીં મૂડી અર્થવ્યવસ્થા હોવાથી અને સમગ્ર અર્થવ્યવસ્થા સ્પર્ધા ઉપર રચાયેલ હોઈ, શોષણની વધુ સવલતોને કારણે શહેરમાં તીવ્ર આર્થિક અસમાનતા ઉત્પન્ન થાય છે. અમીર અને ગરીબ વચ્ચેના તીવ્ર ભેદો શહેરની લાક્ષણિકતા બની રહે છે. શહેરમાં ગરીબવર્ગ અને ગરીબથી પણ ગરીબવર્ગ-ભિક્ષુકોનું પ્રમાણ સવિશેષ હોય છે. નાના વર્ગમાં સંપત્તિનું કેન્દ્રીકરણ થાય છે અને મોટો ભાગ જીવનજરૂરિયાતો અને સગવડોથી વંચિત રહે છે. એક બાજુ ઝૂંપડા અને ગંદા વિસ્તારો અને બીજી બાજુ આધુનિક સુવિધાઓથી ભરપૂર બંગલાઓ જેવી તીવ્ર આર્થિક અસમાનતા દષ્ટિગોચર થાય છે.

ગ્રામ સમુદાયમાં આર્થિક અસમાનતા ઓછી હોઈ વર્ગસંઘર્ષની ઘટનાનો લગભગ અભાવ હોય છે, જ્યારે શહેરોમાં આર્થિક અસમાનતા પ્રત્યેના રોષના પ્રતીકરૂપે વર્ગસંઘર્ષ થતો હોય છે. ઔદ્યોગિક અશાંતિ આનું દષ્ટાંત પૂરું પાડે છે.

**(8) સામાજિક ગતિશીલતાનાં પ્રમાણમાં તફાવત : સોરોકીન અને ઝિમરમેન** નોંધે છે કે ગ્રામ સમુદાયમાં પ્રાદેશિક, વ્યાવસાયિક તથા અન્ય પ્રકારની સામાજિક ગતિશીલતા પ્રમાણમાં ઓછી હોય છે. સામાન્ય રીતે સ્થળાંતરનો પ્રવાહ શહેરી વિસ્તાર તરફનો હોય છે. જ્યારે શહેરીપણું અને ગતિશીલતા વચ્ચે અનુકૂળ સહસંબંધ રહેલો છે. માત્ર સામાજિક કટોકટી વખતે જ શહેરમાંથી ગામડાં તરફ સ્થળાંતર થતું હોય છે. જે ગામડાંમાંથી શહેર તરફ થતા સ્થળાંતર કરતાં પ્રમાણમાં ઓછું હોય છે.

ગામડાંમાં વ્યવસાયો અને ધંધા પ્રમાણમાં ઓછા હોય છે. આથી આર્થિક વિકાસની તકો ઓછી હોય છે અને લોકો પોતાના મૂળ દરજ્જાને જાળવી રાખવાનું વલણ ધરાવતા હોય છે. આ કારણથી ગામડામાં ગતિશીલતાનું પ્રમાણ નહિવત્ હોય છે.

આમ, શહેરી વ્યક્તિ પોતે જ ગતિશીલ હોય છે. વ્યવસાયોની વિપુલતા અને વિવિધ તકો તથા સ્પર્ધાત્મક વાતાવરણમાં ગતિશીલતાને પ્રોત્સાહન મળે છે. આથી અહીં ગતિશીલતાનું પ્રમાણ વધુ જોવા મળે છે. આથી જ સોરોકીન અને **ઝિમરમેન** ગ્રામ સમુદાયને ઘડાના શાંત પાણી સાથે અને શહેરને કિટલીના ઉકળતા પાણી સાથે સરખાવે છે.

**(9) સમાજ મનોવૈજ્ઞાનિક તફાવત :** ગ્રામ સમુદાયમાં વિભિન્ન હિતો કુટુંબમાં સંતોષાય છે. તેથી કુટુંબ સામાજિક-માનસિક સંતોષનું કેન્દ્ર બની રહે છે. જ્યારે

શહેરમાં વ્યક્તિનાં વિભિન્ન હિતો કુટુંબ બહાર સ્વૈચ્છિક મંડળોમાં સંતોષાય છે. આથી વ્યક્તિના મનોવૈજ્ઞાનિક જીવનમાં કુટુંબ ગૌણ બને છે.

ગામડામાં સામુદાયિક ભાવના કુટુંબમાં જ કેળવાય છે. વ્યક્તિ સમુદાય સાથે તાદાત્મ્ય સાધે છે. આથી અહીં તીવ્ર સામુદાયિક ભાવના હોય છે, જ્યારે શહેરમાં દૂરવર્તી સંબંધો, દૂરવર્તી નિયંત્રણ, હિતોનું વૈવિધ્ય, વ્યક્તિવાદનું પ્રાધાન્ય વગેરેને લીધે વ્યક્તિ ભાગ્યે જ સમુદાય સાથે તાદાત્મ્ય કેળવે છે. આથી અહીં સામુદાયિક ભાવના નબળી હોય છે.

ગ્રામ સમુદાયમાં વાતાવરણની એકવિધતા અને ધોરણોની સમાનતાને લીધે તેમજ વ્યક્તિવાદના લગભગ અભાવના કારણે અનુકૂલનનો પ્રશ્ન ઓછો ગંભીર હોય છે. વ્યક્તિ ભાગ્યે જ તીવ્ર તંગદિલી અનુભવે છે. જ્યારે શહેર સમુદાયમાં આથી વિરુદ્ધ પરિસ્થિતિ વ્યક્તિ માટે અનુકૂલનનો પ્રશ્ન ઊભો કરે છે. વ્યક્તિ તંગદિલી અનુભવે છે, એકાકીપણું અનુભવે છે. પરિણામે વ્યક્તિગત વિઘટન સર્જાય છે. આથી અહીં આત્મહત્યા, ગુનાખોરી, ગાંડપણ અને માનસિક રોગોનું પ્રમાણ વધુ હોય છે. શહેરોમાં જોવા મળતાં માનસિક ચિકિત્સાલયો અને મનો-ચિકિત્સકો તેનો પુરાવો છે.

**(10) જીવનશૈલીમાં તફાવત :** ગ્રામ સમુદાયમાં સાદું અને કરકસરયુક્ત જીવન જીવાય છે. ભૂતકાલીન જીવનનું પ્રાધાન્ય હોય છે. સમગ્ર જીવનમાં એક પ્રકારની સાદગી જોવા મળે છે. મકાન, રાચરચીલું, કળા, મનોરંજનનાં સાધનો વગેરેમાં રૂઢિગત જીવન કેન્દ્રસ્થાને હોય છે. પારસ્પરિક સંબંધોમાં પણ આ જ ઘટના પ્રતિબિંબિત થાય છે. લોકો સામાન્ય રીતે પરિવર્તન પ્રત્યે અરુચિ ધરાવતા હોય છે. જ્યારે શહેરમાં ફેશનયુક્ત અને ખર્ચાળ જીવન જીવાય છે. ભૂતકાળ પ્રત્યે ઓછું મમત્વ હોય છે. મકાન, રાચરચીલું, મનોરંજનનાં સાધનો વગેરેમાં ફેશન અને નાવીન્યનું પ્રાધાન્ય હોય છે. અહીં પરિવર્તનને આવકારવામાં આવે છે અને તેનો સ્વાભાવિક સ્વીકાર થતો જોવા મળે છે.

ગ્રામ સમુદાયમાં ધર્મનો પ્રભાવ હોય છે. જ્યારે શહેર સમુદાયમાં ધર્મનિરપેક્ષતા વિકસી આવે છે. પરસ્પર ઉદાસીનતા, સહિષ્ણુતા, વૈજ્ઞાનિક વલણ, ઔપચારિકતા, આધુનિકતા, બિનઅંગતતા, સ્પર્ધા, ફેશન એ શહેરી જીવનશૈલીનાં લક્ષણો બની રહે છે, જ્યારે તેની વિરુદ્ધમાં ગ્રામ સમુદાયમાં પરસ્પર સહકાર, અસહિષ્ણુતા, અનૌપચારિકતા, અંધશ્રદ્ધા, વહેમ, રૂઢિ વગેરે ગ્રામ જીવનશૈલીની લાક્ષણિકતા બની રહે છે. આમ, ગ્રામ અને શહેર બંને જીવનશૈલી છે છતાં બંને જીવનશૈલીમાં તફાવત રહેલો છે.

Scanned with OKEN Scanner

ગ્રામીણ અને નગર સમુદાયો વચ્ચેના વિભિન્ન તફાવતોની ચર્ચા સામાન્ય રીતે એમ માનવા પ્રેરે છે કે આ બંને સમુદાયો પરસ્પર તદ્દન વિરુદ્ધના છે, પરંતુ નગર સમુદાયમાં જોવા મળતાં લક્ષણોનો ગ્રામ સમુદાયમાં તદ્દન અભાવ છે અને ગ્રામીણ સમુદાયમાં જોવા મળતાં લક્ષણોનો નગરોમાં તદ્દન અભાવ છે તેમ માની લેવાની જરૂર નથી. દા.ત., નગરમાં ખેતી ઉપર આધાર રાખતા લોકો પણ વસતા હોય છે. આખરે તો નગરનું નિર્માણ ગ્રામીણ વસતિ દ્વારા જ થયેલું છે. ગામડાંમાંથી સ્થળાંતર કરી શહેરમાં વસવાટ કરતી વ્યક્તિઓ પોતાનું ગ્રામજીવન એકીસાથે ત્યાગી દેતી નથી. શહેર સમુદાયમાં ગ્રામીણ તત્ત્વો પ્રવેશે છે અને બીજી બાજુ શહેરની અસરરૂપે ગ્રામજીવનમાં શહેરી તત્ત્વો પ્રવેશે છે. બંનેમાં એકબીજાનાં ઓછાં-વધતાં તત્ત્વો હોય છે. આ સંદર્ભમાં **સ્મિથ** નોંધે છે કે, "ગ્રામ અને શહેરમાં ઘણો તફાવત છે, પણ જ્યારે બંને વચ્ચેનો વિશિષ્ટ ભેદ દર્શાવવા પ્રયત્ન કરીએ છીએ ત્યારે ઘણી મુશ્કેલીઓ ઊભી થાય છે." વેબર પણ આ મતને સમર્થન આપે છે. મેકાઈવર અને પેજ કહે છે કે, ગ્રામ અને શહેર વચ્ચે માત્રાનો તફાવત છે. શહેર ક્યાં પૂરું થાય છે અને ગામડું ક્યાં શરૂ થાય છે તે કહેવું મુશ્કેલ છે. બંને વચ્ચે સ્પષ્ટ ભેદરેખા દોરવી મુશ્કેલ છે.

ગામડામાં વીજળી, વાહનવ્યવહાર, સંચારવ્યવહાર, દવાખાનાં, શિક્ષણ, નવી વિચારસરણી, ખેતીવાડીનાં આધુનિક સાધનો, યંત્રોથી ચાલતાં નાનાં ઉદ્યોગો જેમ જેમ વિકસે છે તેમ તેમ ગામડાંનું શહેરીકરણ થતું જાય છે. ગામડામાંથી ટાઉન, ટાઉનમાંથી શહેર, શહેરમાંથી મહાનગર અને મહાનગરમાંથી મહા-મહાનગર વિકસે છે. તો બીજી બાજુ ગ્રામજનોના શહેરી વસવાટથી શહેરમાં ગ્રામીણ તત્ત્વો પ્રવેશે છે. શહેરના કેટલાક નિમ્નવર્ગના વસવાટો ગ્રામીણ જીવનની લાક્ષણિકતા છતી કરે છે. ગ્રામ અને શહેરના પરસ્પરના વિવિધ સ્વરૂપના સંબંધને લીધે ગ્રામીણ નગરીય સાતત્યની ઘટના જોવા મળે છે. શહેરમાં ગ્રામીણીકરણની પ્રક્રિયા અને ગામડામાં શહેરીકરણની પ્રક્રિયા ઉદ્ભવે છે. આથી બંનેનું સ્વરૂપ સ્થાયી નથી. હલબર્ટ કહે છે તેમ નગર અને ગામડું સૈદ્ધાંતિક ધારણા છે. કોઈ વસતિ સંપૂર્ણ ગ્રામીણ નથી અને કોઈ વસતિ સંપૂર્ણ શહેરી નથી. બંને વચ્ચેનો ભેદ-તફાવત સાપેક્ષ છે.

❖ ❖ ❖

Scanned with OKEN Scanner